# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

સ્વાતંત્ર્ય દિન કાર્યક્રમ
વૃક્ષારોપણ કાર્યક્રમ

### -: પ રિ પ ત્ર :-

સહર્ષ જણાવવાનું કે ૧૫ મી ઓગષ્ટ-૨૦૧૯ ના રોજ ૭૩મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ માન.કુલપતિશ્રી ડો.કે.બી.કથીરીયાના વરદ હસ્તે યોજવામાં આવનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, શિક્ષકો, સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારીઓ, વિધાર્થીઓ તેમજ વસાહતી ભાઇ/બહેનો અને બાળકોને પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

**સ્થળ: "યુનિવર્સિટી ભવન" આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**

**સમય: સવારે ૮.૦૦ કલાકે**

આ પ્રસંગે ધ્વજ વંદન કાર્યક્રમ બાદ યુનિવર્સિટી ભવનના પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખેલ છે તો તેમાં હાજર રહી અવશ્ય ભાગ લેવા વિનંતી.

નિયામક
વિધાર્થી કલ્યાણ

જા.નં.આકૃયુ/વિક/ધ્વજવંદન/૪૬૬ /૨૦૧૯
તારીખ: ૦૭ /૦૮/૨૦૧૯

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:**

૧: માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ
૨: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
૩: કાર્યપાલક ઇજનેરશ્રી, આણંદ/- ઉકત વિગતે સંલગ્ન વ્યવસ્થા ગોઠવવા વિનંતી.
૪: નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, આકૃયુ, આણંદ તરફ પરિપત્ર વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
૫: આચાર્ય/ડીનશ્રી, કૃષિ/વેટરનરી/ડેરી/એફપીટી/એગ્રી.આઇ.ટી/એમબીએ/બાગાયત મહાવિધાલય, આકૃયુ, આણંદ તરફ આપના કચેરીમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ/કર્મચારીઓ આ કાર્યક્રમમાં ફરજીયાત હાજરી આપે તે બદલ જાણ કરવા સારૂ.
૬: તમામ કોલેજો અને પોલીટેકનીક અભ્યાસક્રમના વડાશ્રીઓ તરફ જાણ તેમજ આપની કોલેજના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
૭: પ્રોગ્રામ ઓફીસરશ્રી, કૃષિ/વેટરનરી/ડેરી/એગ્રીઆઇટી/એફપીટી/બાગાયત /કૃષિ પોલી./ફૂડ સાયન્સ પોલી., આકૃયુ, આણંદ તરફ જાણ તથા આપની કોલેજક/પોલીટેકનીકનાં એનસીસી/એનએસએસનાં વિધાર્થીઓને ડ્રેસ સ્કાફ સાથે હાજર રહેવા જણાવશો.
૮: આચાર્યશ્રી, પ્રસાર શિક્ષણ ભવન, આકૃયુ, આણંદ તરફ જાણ તથા ફોટોગ્રાફીની વ્યવસ્થા માટે ફોટોગ્રાફરની ગોઠવણ કરવા વિનંતી.
૯: આણંદ કેન્દ્રના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ આપના કચેરીમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ/ કર્મચારીઓ આ કાર્યક્રમમાં ફરજીયાત હાજરી આપે તે બદલ જાણ કરવા સારૂ.
૧૦: આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક, આકૃયુ, આણંદ તરફ જાણ તથા આ કાર્યક્રમ માટે સાઉન્ડ સીસ્ટમની સર્વે વ્યવસ્થા કરવા વિનંતી.
૧૧: શ્રી પી.એ.ગોહીલ, ફીઝીકલ ઇન્સ્ટ્રકટર મારફત: આચાર્ય, બં.અ.કૃષિ કોલેજ, આણંદ તરફ જાણ તેમજ ધ્વજ રક્ષક તથા પરેડ કમાન્ડરની જવાબદારી અદા કરવા સારૂ.
૧૨: શ્રીપી.એસ પંચાલ,મદદનીશ પ્રાધ્યાપકશ્રી, શ્રી પી.એ.ગોહીલની મદદમાં રહેવા સારૂ. મારફતઃ આચાર્યશ્રી, કૃષિ પોલીટેકનીક, આણંદ
૧૩: સીકયુરીટી ઓફીસરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ કાર્યક્રમમાં આપના તમામ સીકયુરીટી ગાર્ડસ સુઘડ અને સંપૂર્ણ ડ્રેસમાં ઉપસ્થિત રહે તે માટે યોગ્ય કરવા સારૂ.
૧૪: પ્રમુખ ખેતીવાડી મહિલા મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી આપના મંડળના સર્વે બહેનોને પણ ભાગ લેવા વિનંતી.